**વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**યુનિવર્સિટી ભવન**
**આણંદ – ૩૮૮ ૧૧૦**

---

# પરિપત્ર

<u>સમય મર્યાદા/તાત્કાલિક</u>

જયભારત સહ સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે આપના કેન્દ્ર ખાતે યોજવામાં આવતી શિક્ષણ/સંશોધન/વિસ્તરણ પ્રવૃત્તિઓની વિગત ફોટોગ્રાફ્સ સહિત ત્રિમાસિક એએયુ ન્યૂઝલેટરમાં સમાવેશ કરી પ્રસિદ્ધ કરવામાં આવે છે. જે અન્વયે સંબધિતકર્તાઓને પોતાના કેન્દ્ર/વિભાગ હસ્તક એપ્રિલ-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓની માહિતી અચૂકપણે તા. ૦૫/૦૭/૨૦૨૪ સુધીમાં મોકલી આપવા જાણ કરવામાં આવે છે. <u>માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર દરેક કેન્દ્રના યુનિટ અધિકારીશ્રી/સબ યુનિટ અધિકારીશ્રી પોતાના કેન્દ્ર હસ્તક ચાલતી શિક્ષણ/સંશોધન/વિસ્તરણ પ્રવૃત્તિઓની માહિતી પ્રેસનોટ તરીકે કોઇપણ પ્રચાર-પ્રસાર માધ્યમમાં પ્રસિદ્ધ થઈ હોઇ તો તે માહિતી આનુસંગિક ફોટોગ્રાફ સાથે અંગ્રેજીમાં અનુવાદ કરીને અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે તથા ફોટોગ્રાફ્સ વર્ડની ફાઈલમાં મૂકેલ હોય તો પણ અલગથી હાઇ રીઝોલ્યુશન જેપીજી ફાઈલમાં ઈ-મેઇલ દ્વારા (aaunews@aau.in) મોકલવાના રહેશે.</u> વધુમાં સર્વે યુનિટ/સબયુનિટના વડાઓને જણાવવામાં આવે છે કે આપની કચેરી દ્વારા મોકલવામાં આવતી માહિતી આપની કક્ષાએથી <u>સંપૂર્ણપણે ચકાસ્યા બાદ જ અત્રેની કચેરીએ મોકલવી.</u> મોકલાવેલ માહિતીમાં જો કોઇ ક્ષતિ કે અપૂર્ણતા રહી ગયેલ હશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યુનિટ/સબ યુનિટના વડાશ્રીની રહેશે.

જા.નં./પ્રકાશન/વિશિનિ/આકૃયુ/ ૬૬૯ /૨૦૨૪
તા. ૨૪/૦૬/૨૦૨૪

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

F:\pub-2\પરિપત્ર.docx